*This page is printed from: http://www.akilanews.com/Main_news/Pdf/13-01-2018/121673*

સવારે યા સાંજે
અકિલા ન્યુઝ .કોમ

તા. ૧૩ જાન્યુઆરી ૨૦૧૮ વિક્રમ સંવત્ ૨૦૭૪ પોષ વદ - ૧૨ શનિવાર

મુખ્ય સમાચાર

News of Friday, 12th January 2018

# લંડનમાં ગુજરાતી વિજય પટેલની હત્યામાં ૨ તરૂણોની સીસીટીવી ફૂટેજના આધારે શોધખોળ



લંડન : લંડનમં ગુજરાતી વ્યકિતની હત્યામાં ૨ તરૂણોની સીસીટીવી ફૂટેજના આધારે શોધખોળ હાથ ધરઇ છે.

ઉત્તર લંડનમાં પોલીસે ગુજરાતીની હત્યા કરનાર બે તરુણોના સીસીટીવી ફૂટેજ જાહેર કર્યા છે.

49 વર્ષના વિજય પટેલ પર સ્ટોરની બહાર હુમલો કરવામાં આવ્યો હતો. જે બાદ તેમનું હૉસ્પિટલમાં મૃત્યુ થયું.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ આ બન્ને હત્યારાઓને શોધવા મહત્ત્વનું હતું.

પટેલની હત્યાના મામલામાં બુધવારે વિલ્સડન મેજિસ્ટ્રેટ કોંર્ટમાં એક 16 વર્ષના કિશોરને હાજર કરવામાં આવ્યો હતો.

તપાસકર્તાઓ મુજબ વિજય પર દુકાનની બહાર હુમલો કરવામાં આવ્યો હતો.

ત્રણ તરુણોને સિગારેટ પેપર સહિતની વસ્તુઓ વેંચવાની ના પાડતા તેમના પર હુમલો થયો હતો.

મેટ્રોપોલિટન પોલીસના જણાવ્યા મુજબ આ હુમલા બાદ ત્રણેય કિશોર ટ્યૂબ સ્ટેશન તરફ ભાગ્યા હતા.

પોલીસ વિભાગના ઇન્સપેક્ટરનું કહેવું છે, "આ એક વ્યક્તિ પર ખૂબ જ બિનજરૂરી હુમલો હતો. તેઓ ફક્ત તેમનું કામ કરી રહ્યા હતા."

તેમણે કહ્યું, "અન્ય બે કિશોરોની ધરપકડ બહુ જરૂરી છે કારણ કે તેમના પાસે હુમલા અંગેની મહત્ત્વની માહિતી છે. જે અમારી તપાસમાં મદદ કરશે."

વિજય પટેલના પરિવારમાં પત્ની અને બે બાળકો છે.

***This page is printed from: http://www.akilanews.com/Main_news/Pdf/13-01-2018/121673***

(5:12 pm IST)